**કોલેજ ઓફ રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વયારમેન્ટલ એન્જીનીયરીંગ**
**સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર–૩૮૫૫૦૬, (જી. બનાસકાંઠા–ગુજરાત)**

## ટેન્ડર નોટીસ

આથી રસ ધરાવતી ટ્રાવેલ્સ પાર્ટીઓ પાસેથી અત્રેની કોલેજના આઠમાં સત્રમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવાસ તા.૦૬/૦૨/૨૦૧૮ થી તા.૨૨/૦૨/૨૦૧૮ દરમિયાન ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, ચંડીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ વગેરે રાજયોમાં જવા માટે ૨૯(૨×૨) પુશબેક સીટ ધરાવતી મીનીબસના ભાવ બધા જ ટેક્ષ સાથેના પ્રતિ કિલોમીટર પ્રમાણે સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. આ જાહેરાત માટેના ભાવ મોકલી આપવાના ટેન્ડર ફોર્મ ટર્મસ એન્ડ કન્ડીશન સાથે કચેરીના કામકાજના દિવસ દરમિયાન રૂા. ૧૫૦૦/– રોકડેથી/એસ.બી.આઈ., દાંતીવાડા બ્રાન્ચ કોડ નં. ૨૭૬૦ નો ડીમાન્ડ ડ્રાફ્ટ **"એસ.ડી.એ.યુ. ફંડ એકાઉન્ટ, સરદારકૃષિનગર"** ના નામનો જમા કરાવી ટેન્ડર ફોર્મ સવારે ૧૧–૦૦ થી સાંજના ૫–૦૦ કલાક સુધી અત્રેની કચેરીનાં કામકાજના દિવસો દરમિયાન તા.૧૫/૦૧/૨૦૧૮ સુધીમાં મેળવવાના રહેશે અથવા www.sdau.edu.in પરથી ડાઉનલોડ કરી શકાશે. ભરેલા ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીમાં તા.૨૨/૦૧/૨૦૧૮ ના રોજ સાંજે ૫–૦૦ કલાક સુધીમાં સ્પીડપોસ્ટ/ટપાલ/કુરિયર/આર.પી.એ.ડી. દ્વારા મળી રહે એ રીતે મોકલવાના રહેશે.

**આચાર્ય**

**સ્થળ :– સરદારકૃષિનગર**
**તારીખ :– / /૨૦૧૭**

**પ્રેષક :–**
**.........................................**
**.........................................**
**.........................................**
**.........................................**

**તા.**

<u>**ટેન્ડર ફોર્મ**</u>

પ્રતિ,
આચાર્યશ્રી,
કોલેજ ઓફ આર.ઈ. એન્ડ ઈ.ઈ.,
સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી,
સરદારકૃષિનગર–૩૮૫૫૦૬,

**વિષય ::– મીની બસ(29 Seats) બસના ભાવ આપવા બાબત...**

**મા. સાહેબશ્રી,**

સવિનય જણાવવાનું કે, શૈક્ષણિક પ્રવાસ માટે આપશ્રીના માગ્યા મુજબની શરતોને આધીન (૨ × ૨) ની ૨૯ પુશબેક સીટ ધરાવતી મીની બસ ભાડે કરવાનાં ભાવની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વિગત | ભાવ ભરનાર પાર્ટીએ આપવાની વિગત |
|---|---|---|
| ૧. | જે મીની બસ મોકલવાની હોય તેનો ગાડી નંબર અને મોડલ વર્ષ | |
| ૨. | માલીકીની કુલ કેટલી બસ છે. | |
| ૩. | આ સાથે સામેલ ટુર પોગ્રામ (૧૭ દિવસ) પ્રમાણે ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, ચંડીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ વગેરે રાજયોના પ્રવાસના કુલ અંદાજીત ૪૫૦૦ કિ.મી. પ્રવાસ થશે તો તે મુજબ પ્રતિ કિલોમીટર દીઠ બસ ભાડે આપવાના ભાવ સંપૂર્ણ ટેક્ષ સાથેના. | |

આપશ્રીના ક્રમ નંબર ૧ થી ૨૪ શરતો અને મુદ્દાઓ સાથે સંમત છું અને તે મને બંધનકર્તા રહેશે. ઉપરોકત પત્રકમાં જણાવેલ માહિતી પ્રમાણેની વિગતો અને શરતો ધ્યાને લઈને હું મારી (૨ × ૨) ની ૨૯ પુશબેક સીટ ધરાવતી મીની બસ પ્રવાસ માટે ભાડે આપવા બંધાઉ છું. મારી આપેલ વિગતો અસ્પષ્ટ કે અધુરી હશે અને તેના લીધે મારા ભાવપત્રક રદબાતલ થશે તો મને બંધનકર્તા રહેશે.

**સ્થળ :–**
**તારીખ :–** **ભાવ ભરનારની સહી**

**ટ્રાવેલસ કંપનીનું નામ :–**

**પત્રવ્યવહાર માટેનું સરનામું :–**

**ટેલીફોન/મોબાઈલ નંબર :–**

**કોલેજ ઓફ આર.ઈ. એન્ડ ઈ.ઈ., સ.દાં.કૃ.યુ., સ.કૃ.નગર –૩૮૫૫૦૬**

**–::: મીનીબસ ભાડે લઈ જવાના કોન્ટ્રાકટની શરતો :::–**

૧. મીની બસ(૨૯ સીટ–૨×૨ પુશબેક)નો કેઝયુલ કોન્ટ્રાકટનો રસ ધરાવનાર ઈજારદાર કે પાર્ટીએ ટેન્ડરમાં દર્શાવ્યા મુજબનો પ્રતિ કિલોમીટરના ભાવ સંપૂર્ણ ટેક્ષ સાથેના આપવાના રહેશે.

૨. ભરેલા ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીમાં તા. ૨૨/૦૧/૨૦૧૮ ના સાંજે ૫–૦૦ કલાક સુધીમાં સ્પીડપોસ્ટ/ટપાલ/કુરિયર/આર.પી.એ.ડી. દ્વારા મળી રહે એ રીતે મોકલવાના રહેશે.

૩. ભરેલ ટેન્ડર સાથે રૂા.૯,૦૦૦/– નો ડીમાન્ડ ડ્રાફટ "SDAU FUND ACCOUNT", Payable at SBI DANTIWADA (Code No. 02760) E.M.D. પેટે જોડવાનો રહેશે. જે પાર્ટીઓના ટેન્ડર મંજૂર થશે નહિ તેમની E.M.D. નિતિ નિયમ મુજબ પરત કરવામાં આવશે. જયારે ભાવ મંજૂર થયેલ પાર્ટીની E.M.D. પ્રવાસ સંતોષકારક પૂર્ણ કર્યા બાદ પરત કરવામાં આવશે.

૪. પ્રવાસ માટે આપવામાં આવનાર બસના કિલોમીટરની ગણતરી યુનિવર્સિટીની કોલેજના મુખ્ય મથકથી બસ આ જ સ્થળે પરત આવે ત્યાંના ગણવાનાં રહેશે.

૫. સદર શૈક્ષણિક પ્રવાસ દરમ્યાનનો ટ્રાવેલીંગ દરમિયાન થનાર ખર્ચ જેમ કે, રોડ ટેક્ષ, ટોલ ટેક્ષ, પાર્કીંગ ખર્ચ, કોઈપણ પેનલ્ટીની રકમ તેમજ અન્ય ખર્ચાઓ તેમજ ગાડીના રીપેરીંગને લગતાં ખર્ચાઓ જેવા કે ઓઈલ, પાણી, મરામત વગેરે ખર્ચ પાર્ટીએ ભોગવવાના રહેશે.

૬. કેઝયુલ કોન્ટ્રાકટ દરમ્યાન આપવામાં આવનાર બસ ૨૯ (ઓગણત્રીસ) સીટ વાળી સંપૂર્ણ સુસજજ અને સારી હાલતમાં સુવિધાસભર આપવાની રહેશે જેવી કે, આરામદાયક પુશબેક સીટ, સીટકવર, બારીબારણા સંપૂર્ણ કાચ સાથે, બારી બારણાં સારી રીતે ખોલ બંધ થાય વગેરે.

૭. ટુર પ્રોગ્રામ ૧૭ દિવસ પ્રમાણે ગુજરાત તેમજ બહારના રાજયો જેવા કે, રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, ચંડીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ વગેરે રાજયોના પ્રવાસનો કાર્યક્રમ મુજબ હોઈ જવાની આરટીઓ પરમીટ વગેરેની તમામ વિધિ પ્રવાસ શરૂ થતાં પહેલા પુરી કરવાની રહેશે અને અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે.

૮. બસ શૈક્ષણિક પ્રવાસના કાર્યક્રમ મુજબ નિયત સમયાનુસાર લઈ જવાની રહેશે. પ્રવાસનો રુટ અત્રેની કોલેજ નકકી કરશે. ટુર ઈન્ચાર્જ જરૂર જણાય તો પ્રવાસ કાર્યક્રમમાં ફેરફાર કરી શકશે.

૯. બસમાં મુસાફરી કરતાં શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓની સલામતી માટે પુરેપુરો વિમો આપના ખર્ચે કરાવવાનો રહેશે.

૧૦. પ્રવાસ દરમ્યાન બસના ડ્રાઈવર, કંડકટર કે મીકેનિક અથવા ઈજારદારના માણસોને યુનિવર્સિટી તરફથી ભથ્થુ કે અન્ય સુવિધાઓ આપવામાં આવશે નહિ. તેમજ ભોજન, ચા–નાસ્તો તેમજ રહેવાની સગવડ પોતાની જાતે સ્વખર્ચે કરવાની રહેશે. ગાડી સાથેના સ્ટાફની સંપૂર્ણ માહિતી અત્રેની કચેરીને આપવાની રહેશે.

૧૧. પ્રવાસ દરમ્યાન બસની મરામત કે અન્ય કામગીરી માટે રસ્તામાં નાણાં આપવામાં આવશે નહિ આ માટે જરૂરી નાણાંની વ્યવસ્થા ઈજારદારે કરવાની રહેશે.

૧૨. પ્રવાસ દરમ્યાન બસ બગડે કે ફેઈલ થાય અથવા તો મરામત માટે વધુ સમય (છ કલાકથી વધારે) લે તેમ હોય તો ઈજારદારે બીજી બસની વ્યવસ્થા તાત્કાલીક કરી આપવાની રહેશે. અને કાર્યક્રમ મુજબ પ્રવાસ ચાલુ રાખવાનો રહેશે.

૧૩. ઈજારદાર કે સંસ્થા વચ્ચે કોઈ કારણસર તકરાર કે ઝગડો થાય તો આ સંસ્થાના વડાનો નિર્ણય ઈજારદારને બંધનકર્તા રહેશે. પરંતુ ઈજારદાર કોર્ટકચેરીનો આશરો લઈ શકશે નહિ.

૧૪. પ્રવાસ દરમ્યાન બસને અકસ્માત કે કોઈ નુકશાન થાય તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.

૧૫. પ્રવાસ દરમ્યાન ઈજારદારના સ્ટાફે પ્રવાસ કાર્યક્રમ બાબતે પ્રવાસના લીડર કે જવાબદાર અધિકારી તરફથી વખતો વખત આપવામાં આવતી સુચનાનો અમલ કરવાનો રહેશે.

૧૬. પ્રવાસ દરમ્યાન ઈજારદારના સ્ટાફે સંપૂર્ણ શિસ્ત અને માન મર્યાદા જાળવવાની રહેશે. સ્ટાફ વિનયી અને વિવેકી મોકલવાનો રહેશે.

૧૭. જે બસ મોકલવાની હોય તેનો રજીસ્ટ્રેશન નંબર અવશ્ય દર્શાવાનો રહેશે. સંજોગો વસાત બસ બદલવાની થાય તો તેના જેટલી સુવિધાઓ વાળી નવી બસ આપના ખર્ચે નીચે સહિ કરનારની અનુમતિ મેળવી ફેરફાર કરવાનો રહેશે.

૧૮. મીની બસનું મોડલ વર્ષ તથા ખરીદ કરેલ વર્ષ અવશ્ય દર્શાવવાનું રહેશે. બસનું મોડલ વર્ષ ૨૦૧૪ અથવા ૨૦૧૪ પછીનું હોવું જોઇએ.

૧૯. દરરોજ સવારે મીની બસ ઉપડતાં પહેલાં પુરેપુરી સાફ–સફાઇ કરવાની રહેશે.

૨૦. મોકલવામાં આવનાર મીની બસ પોતાની માલીકીની હોવી જરૂરી છે.

૨૧. ટેન્ડર મંજૂર કરવાના અથવા મંજૂર થયા પછી ફેરફાર કરવાના તમામ હક આચાર્યશ્રીને રહેશે. અને જરૂર જણાય તો મંજૂર થયેલ ટેન્ડર રદ પણ કરી શકાશે.

૨૨. ટેન્ડરના ભાવ પત્રક બંધકવરમાં આપવા અને કવર ઉપર **"શૈક્ષણિક પ્રવાસ માટે મીનીબસ ભાડે કરવાનાં ભાવ"** એમ દર્શાવવું.

૨૩. ભાવ આપનાર કંપનીએ ઉપરોકત શરતો માન્ય છે તેવી બાંહેધરી કંપનીના લેટરપેડ ઉપર અલગથી આપવાની રહેશે.

૨૪. પ્રવાસ માટે મંજૂર થયેલ પાર્ટીને નાણાં ચૂકવતી વખતે જરૂરી ટી.ડી.એસ. નિતિ–નિયમો મુજબ કરવામાં આવશે.

**સ્થળ :–**
**તારીખ :–**

**આચાર્યશ્રી,**
**કોલેજ ઓફ આર.ઈ. એન્ડ ઈ.ઈ.,**
**સ.દાં.કૃ.યુ., સ.કૃ.નગર**